Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268
Continuous Issue-30 | March – April 2018

# ગુજરાતમાં ગ્રામીણ જાહેર ગ્રંથાલયો : સુરત જિલ્લાનો એક અભ્યાસ
# (Rural Public Libraries in Gujarat: A Study of Surat District)

## ૧. પ્રસ્તાવના

આજના વૈશ્વિકરણના યુગ તેમજ ૨૧મી સદીના વિકસતા જતાં યુગમાં ઈન્ફર્મેશન ટેકનોલોજી ખૂબ જ આવશ્યક અંગ બની ચૂક્યું છે. દરેક ક્ષેત્રમાં આઈ.ટી.ની જાણકારી ખૂબ જ જરૂરી બની ગઈ છે. તેમજ દરેક ક્ષેત્રમાં કમ્પ્યૂટર એ એક અતિ જરૂરી મધ્યમ બની ચૂક્યું છે. આજે દરેક ક્ષેત્રમાં કમ્પ્યૂટર મહત્વનો ભાગ ભજવે છે. માહિતી વિસ્ફોટ અને જ્ઞાન યુગમાં ભારત જેવા દેશોમાં પ્રસ્તુત ટેકનોલોજીથી વંચિત એક ગ્રામીણ સમાજ મોટા પાયા પર ઉપલબ્ધ છે કે જ્યાં આ આધુનીકરણ પહોંચી શક્યું નથી. માહિતી અને જ્ઞાનની ભુખ વિશ્વમાં મહદ્અંશે પુસ્તકાલયો સંતોષતાં આવ્યાં છે.

સમાજનાં કલ્યાણમાં વધારો અને જ્ઞાનનું વિસ્તરણ કરવા તેમજ સમાજનાં બધા જ સ્તરની વ્યક્તિઓ માટે તેમની જ્ઞાન તૃષા છીપાવવા માટે જો કોઈ એક કેન્દ્ર હોય તો તે પુસ્તકાલય છે. પુસ્તકાલય એક એવું કેન્દ્ર છે કે જ્યાં વ્યક્તિ જન્મથી મૃત્યુ સુધી માહિતી-જ્ઞાન મેળવતો રહે છે. માનવીના શાળાકીય શિક્ષણ બાદ જો તેના જ્ઞાનમાં વૃદ્ધિ કરતુ હોય તો તે માત્ર ને માત્ર પુસ્તકાલય છે. પુસ્તકાલય દ્વારા સામાજિક પરિવર્તનનું જટિલ કાર્ય સરળતાથી થઇ શકે છે.

પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાતના સુરત જિલ્લાના ગ્રામીણ પુસ્તકાલયનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે કે જેનાથી ખ્યાલ આવી શકે કે આ વિકાસની તરાહમાં ગ્રામીણ કક્ષાએ વિકાસની કેવા પ્રકારની અસરો જોવા મળે છે. આથી પ્રસ્તુત અભ્યાસમાં “ગ્રામીણ પુસ્તકાલયનો ઉપયોગ અને અસ્તિત્વ : ગુજરાતના સુરત જિલ્લાનો એક અભ્યાસ” વિષય ઉપર સંશોધન હાથ ધરવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રકરણમાં ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે વિષય સંદર્ભે પ્રાપ્ત પરિણામો દર્શાવવા માટેનો પ્રયત્ન કર્યો છે.

## ૨. વિષય પસંદગી

સુરત જિલ્લામાં આવેલા ગ્રામ વિસ્તારના ગ્રંથાલયોનો ઉપયોગ અને તેની પરિસ્થિતિ અંગેનો અભ્યાસ વર્તમાન સમયમાં અત્યંત જરૂરી છે. આજે એક તરફ ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ સમયગાળા દરમિયાન સરકાર તેની સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીમાં વાંચે ગુજરાતના મુદ્દે મોટા પાયા ઉપર ઊજવણી પણ કરી હતી અને આ સંદર્ભે કેટલીક કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત રાજ્યના ખૂબ જ ઝડપી વિકાસ પામી રહેલો જિલ્લો સુરત જેમાં શહેરીકરણની સાથે સાથે ગ્રામીણ વિસ્તારોનો વિકાસ કેવો છે તે જાણવું પણ જરૂરી બને છે. પ્રસ્તુત અભ્યાસમાં " ગ્રામીણ પુસ્તકાલયનો ઉપયોગ અને અસ્તિત્વ : ગુજરાતના સુરત જિલ્લાનો એક અભ્યાસ” વિષયની પસંદગી કરી અભ્યાસ હાથ ધર્યો છે, જેથી

સુરત જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ગ્રંથાલયોનું યોગદાન અને તેની ભૂમિકા વિશે તેમજ તેના મહત્વને સમજી શકાય. ગ્રામીણ વિસ્તારમાં ગ્રંથાલયો અને પુસ્તકો વાસ્તવિક રીતે સમાજ માટે કેટલું લાભદાયી નીવડ્યું છે, તેનું એક ચિત્ર સ્પષ્ટ થાય તેમજ ગ્રામીણ વિસ્તારમાં ખરેખર ગ્રંથાલય અસ્તિત્વ ધરાવે છે કે નહિ તે જાણવા માટે પ્રસ્તુત વિષયની પસંદગી કરી અભ્યાસ કર્યો છે.

**૩. સંબંધિત સાહિત્ય અવલોકન**

પ્રસ્તુત વિષય સંદર્ભે કેટલાક અભ્યાસો જે આંતરરાષ્ટ્રીય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ તેમજ પ્રાદેશિક કક્ષાએ થયા છે જેને ધ્યાનમાં રાખીને અત્રે કેટલાક સબંધિત સાહિત્યનું અવલોકન કરવામાં આવ્યું છે.

**રીચાર્ડ એમ.અતુતી (૨૦૦૧) દ્વારા થયેલા અભ્યાસમાં તેમણે કેન્યામાં પુસ્તકાલય મકાન સંદર્ભે સંશોધન કર્યું હતું, તેમના સંશોધન તારણો પ્રમાણે** પુસ્તકાલય માટેજ બનાવેલા મકાન સિવાયના સ્વીકૃત મકાનો પુસ્તકાલયના વિકાસમાં બાધરૂપ બની શકે છે.

**એ. અનાબા અલેમના(૧૯૯૫)** સાર્વજનિક પુસ્તકાલયોના સંદર્ભમાં આફ્રિકામાં પૂરું પાડતી લાઈબ્રેરીઓની સેવાના પ્રકારોનો અભ્યાસ કરે છે અને અભ્યાસનું તારણ નોધે છે કે કોલોની (Colonizers) સરકાર દ્વારા સ્થાપિત પુસ્તકાલયોની સેવાઓ આજના સંદર્ભમાં આફ્રિકાના જનસમુદાય માટે અસરકારક રીતે ઉપયોગી સાબિત થતી નથી.

**કેરી બેનસ્ટીડ, રશેલ સ્પેસેય, એન ગોલ્ડીંગ (૨૦૦૪)** આ સંશોધનનું ઇંગ્લેન્ડના ગ્રામ્ય વિસ્તારમાં મોબાઈલ (ફરતા) પુસ્તકાલયના વિકલ્પ રૂપે સાર્વજનિક પુસ્તકાલય સેવાની શક્યતાના ક્ષેત્રનો અભ્યાસ કરે છે તેમના પ્રાપ્ય તારણો એ દિશા નિર્દેશ કરતા હતા કે ગ્રામ્ય પ્રદેશના સામાજિક સમાવિષ્ટીના લક્ષ્યો અને મૂલ્યનિષ્ઠ પ્રતિભાવો એ વૈકલ્પિક સાર્વજનિક પુસ્તકાલય સેવા માટેના મહત્વના પ્રેરણાત્મક પરિબળ તરીકે ઉભરી આવ્યા છે, અને ગ્રામ્ય પ્રદેશના મોટા ખંડો કે જેમાં સાર્વજનિક પુસ્તકાલયો સાથોસાથ ઊભાં થયા છે તે લોકોમાં ખૂબ જ પ્રિય સદન તરીકે જોવા મળ્યા. પ્રસ્તુત અભ્યાસ સાર્વજનિક પુસ્તકાલયના પ્રેકટીશનરો અને સંશોધકોને ગ્રામ્ય વિસ્તારની સાર્વજનિક પુસ્તકાલયોના આયોજન અને સરકારી યોજનાઓની ગ્રામસમુદાય પરની અસરોનું ચિત્ર પૂરું પાડે છે. અને એવું લાગે છે કે સાર્વજનિક લાઈબ્રેરી સત્તાધીશો દ્વારા ગ્રામ્ય સંસ્કૃતિના જુદા સ્વરૂપને જુદી-જુદી રીતે મૂલ્યાંકન પ્રતિષ્ઠિત થાય છે.

**વાલેદા ફ્ન્સીઝ ડેન્ટ (૨૦૦૭)** આ અભ્યાસમાં જાણવા મળે છે કે અભ્યાસના હેતુઓ યુગાન્ડામાં થયેલા આર્થિક વિકાસનો ઉપર છલ્લો અંદાજ આપવાનો છે અને તે ગ્રામ્ય પુસ્તકાલયો અને તેની માનવવિકાસના આર્થિક પ્રગતિ, શિક્ષણ તથા સાક્ષરતા જેવા ક્ષેત્રની કેટલીક અગત્યની જોડતી કડીઓ વિશે ચર્ચા કરે છે. આ અભ્યાસ બે તારણ પર આવે છે કે ગ્રામ્ય કમ્યુનિટી પુસ્તકાલયો નાના પાયાના સ્થાનિક આર્થિક વિકાસમાં ખૂબજ અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. કીટેગેસા કમ્યુનિટી પુસ્તકાલયના પ્રોજેક્ટ હાલ તો શરૂઆતના તબક્કામાં છે અને લાંબાગાળાના આર્થિક પરિણામો અંગે અત્યારે કોઈ ચોક્કસ અનુમાન બાંધી શકાય નહિ, સાથે સાથે, આ પ્રોજેક્ટોએ પુસ્તકાલયના ઉપભોક્તાઓમાં નવી આશા અને શક્યતાઓનો સંચાર કર્યો છે.

**રત્ના બંદોપાધ્યાયે (૨૦૦૮)** પશ્ચિમબંગાળ અને તેમાં પણ ૧૭૨૨ જાહેર પુસ્તકાલયો અને ગ્રામ્ય વિસ્તારના ૩૪૧ CLICs પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કેટલાંક ગ્રામ્ય પ્રદેશોમાં તો જાહેર પુસ્તકાલયો જ માત્ર લોકોને સેવા પૂરી પડતા પુસ્તકાલયો છે. આ જાહેર પુસ્તકાલયો જુદાં જુદાં અંશે લોકોને સ્વાસ્થ્ય સબંધિત, નોકરી, વ્યવસાય, કારકિર્દી, સાંસ્કૃતિક ઉપરાંત સામાન્ય માહિતી સબંધિત જાણકારી પૂરી પડી જે તે નિર્દિષ્ટ સમાજનાં જીવનમાં બદલાવ લાવવાનું કાર્ય કરે છે.

**કે.એસ.રનજીથ (૨૦૦૪)** કેરાલાના ગ્રામ્ય વિસ્તારના પુસ્તકાલયો પર અભ્યાસ, સામાજિક સંસ્થા તરીકે કેરાલાના ગ્રામ્યવિસ્તારના પુસ્તકાલયો ખુબજ ચેતનવંતા તથા અસરકારક રીતે લોક શિક્ષણ તેમજ માહિતી પ્રસાર માટે કાર્યરત છે. લોક સમુદાયની સામાજિક તેમજ રાજકીય ગતિવિધિઓના કેન્દ્રમાં આ પુસ્તકાલયો રહ્યાં છે અને સમાજની શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પણ અગ્રેસર ભૂમિકા ભજવતાં હતાં. પ્રસ્તુત અભ્યાસમાં પ્રાપ્ય આંકડાકીય માહિતીના આધારે એટલું ચોક્કસ કહી શકાય કે, સામાન્ય વ્યક્તિઓનો ગ્રામ્ય પુસ્તકાલયોમાં રસ ખાસ્સો એવો ઘટ્યો છે. શિક્ષણ તથા વસ્તીના વધતા વ્યાપની સરખામણીમાં પુસ્તકાલયોની સભ્ય સંખ્યામાં પ્રમાણમાં ઘણો મોટો તફાવત ઊભો થયો છે. સભ્ય સંખ્યા તેમજ પુસ્તકોની સંખ્યાના સંદર્ભમાં પુસ્તકોના આદાન પ્રદાન (circulation) માં પણ ૧૯૮૪થી ૧૯૯૭ના ગાળામાં ૫૦ ટકા જેટલો ધરખમ ઘટાડો નોંધાયો છે. આ એક અપવાદરૂપ ઘટના નથી, આવું જ વલણ જિલ્લા કક્ષાની મોટાભાગના બધા જ પુસ્તકાલયોમાં જોવા મળ્યું હતું.

**૪. અભ્યાસના હેતુઓ**

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારના ગ્રંથાલયોની પ્રવર્તમાન પરિસ્થિતિ અને તેના ઉપયોગ સંદર્ભે નીચેની કેટલીક બાબતોને તપાસી અને તેના વિવિધ સંદર્ભો ચકાસવાનું નક્કી કર્યું હતું.

ગ્રામ્ય વિસ્તારમાં ગ્રંથાલયની શું પરિસ્થિતિ છે? અને તેનો કેટલો ઉપયોગ થાય છે? જાણવાનો હેતુ.

ગ્રંથાલયનું આર્થિક ભારણ કઈ રીતે થાય છે અને કોણ ભરપાઈ કરે છે? તે જાણવાનો પ્રસ્તુત અભ્યાસનો હેતુ.

ગ્રંથાલયને જીવંત રાખવા એન.જી.ઓ.,તેમજ ગ્રામ પંચાયત, રાજ્ય અને કેન્દ્ર સરકાર તેમજ અન્ય કોઈ ખાનગી સંસ્થાઓ કઈ પ્રકારની મદદ કરી છે? તે તપાસવી.

ગ્રામીણ વિસ્તારમાં વસતા સમુદાય ગ્રંથાલય પ્રત્યે જાગૃત છે કે નહિ તે જાણવાનો હેતુ.

ઉપરોક્ત સિવાય કેટલીક બાબતો જે ગ્રામ્ય ગ્રંથાલય સાથે સંકળાયેલી છે, જેમ કે કયા વર્ગના લોકો ગ્રંથાલયનો વધુ ઉપયોગ કરે છે, ગ્રંથાલયમાં કેવી માળખાકીય સુવિધાઓ છે, ગામમાં ગ્રંથાલય ન હોય તો તેઓ પોતાની વાંચન ભુખ સંતોષવા ક્યાં જાય છે, વગેરે બાબતોને અભ્યાસમાં ચકાસણી કરવાનો પ્રસ્તુત અભ્યાસમાં પ્રયત્ન કર્યો છે.

## ૫. અભ્યાસની પદ્ધતિ અને માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસમાં કેટલીક દ્વિતીય કક્ષાની અને કેટલીક પ્રાથમિક કક્ષાની માહિતી એકત્રિત કરી તેનું યોગ્ય સંચાલન કરી અભ્યાસનો નિષ્કર્ષ કાઢવાનો પ્રયાસ કર્યો છે. મોટાભાગની માહિતી સ્વ તપાસ દ્વારા એકત્ર કરવામાં આવી છે. જેમાં નીચે મુજબના ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્નાવલી

જૂથચર્ચા

કેસ સ્ટડી /મુલાકાત

ઉપરોક્ત ઉપકરણો દ્વારા એકત્રિત કરેલી માહિતીને સારણી તેમજ લખાણના સંદર્ભમાં મુકી અભ્યાસના હેતુ તેમજ પરિકલ્પનાઓને ચકાસવા માટે કેટલીક આંકડાશાસ્ત્રીય પદ્ધતિ જેમ કે મધ્યક, આવૃત્તિ વિતરણ, ટકાવારી વગેરે પદ્ધતિનો ઉપયોગ SPSS તેમજ Excel જેવા સોફ્ટવેરની મદદથી, એકત્રિત માહિતીનો ઉપયોગ કરી વિવિધ પરિક્ષણો દ્વારા પ્રાપ્ત પરિણામ થકી અભ્યાસને વધુ સત્યની નજીક લઇ જવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અભ્યાસમાં નિદર્શ તપાસ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

સુરત જિલ્લાના ૯ તાલુકા અનુક્રમે (૧) બારડોલી (૨) ચોર્યાસી (૩) કામરેજ (૪) મહુવા (૫) માંડવી (૬) માંગરોલ (૭) ઓલપાડ (૮) પલસાણા (૯) ઉમરપાડામાં કુલ ૭૧૨[1] ગામડાઓ આવેલા છે. પ્રસ્તુત ગામોમાંથી ૨૪૧ ગામો એવાં છે કે જ્યાં પુસ્તકાલયો આવેલા છે અને ૪૭૧ ગામો એવાં છે કે જ્યાં પુસ્તકાલયો આવેલાં નથી, તેમાંથી કેટલાંક ગામડાં જે શહેરની નજીક આવેલાં હોય, તેમજ જ્યાં માળખાકીય સુવિધાઓ સારી હોય તેવા ગામડાં, અને જ્યાં સુવિધાઓ પ્રમાણમાં ઉપલબ્ધ ન હોય તેવા ગામો સંશોધન અહેવાલ માટે પસંદ કરેલ છે. સમગ્ર સુરત જિલ્લાના દરેક તાલુકાના જ્યાં પુસ્તકાલયો આવેલા છે તેવા ગામોના ૨૦ % પ્રમાણે નિદર્શ સંશોધન અભ્યાસ માટે પસંદ કર્યો છે. પ્રસ્તુત ટકાવારી પ્રમાણે કુલ ૫૦ જેટલા કુલ ગામો જે સમગ્ર જિલ્લાને પ્રસ્તુત કરતા હોય તેવા ગામો પ્રસ્તુત સંશોધન અહેવાલ માટે પસંદ કર્યા છે.

## ૬. સુરત જિલ્લાના ગ્રામીણ વિસ્તારના પુસ્તકાલયના અસ્તિત્વ સંદર્ભે અભ્યાસ

અભ્યાસમાં પસંદ તાલુકાના પસંદ કરેલા તમામ ગામોમાં પુસ્તકાલય ઉપલબ્ધ છે, પરંતુ તેમાંથી કેટલા ગામોમાં પુસ્તકાલયો કાર્યરત છે તે સંદર્ભે નીચેના આલેખમાં અભ્યાસ કરવામાં આવ્યો છે.

અભ્યાસમાં પસંદ કરેલા ગામો કે જે ગુજરાત રાજ્યની સરકારની વેબસાઈટ પર પુસ્તકાલય ઉપલબ્ધ છે તેમ દર્શાવે છે તે ગામો માંથી ૮૦.૦ ટકા ગામોમાં પુસ્તકાલય કાર્યરત અવસ્થામાં છે, જયારે ૨૦ ટકા ગામોમાં પુસ્તકાલય ઉપલબ્ધ છે પરંતુ તે કાર્યરત અવસ્થામાં નથી. આ ઉપરાંત પસંદગીયુક્ત ગામોમાં પુસ્તકાલયની

[1] http://suratdp.gujarat.gov.in/surat/jilavishe/jilani-samaniy-ruprekha.htm (access on 08/03/2013)

સંખ્યાની તપાસ કરતાં જાણવા મળે છે કે ક્યાંક એક ગામમાં મહત્તમ ૩ જેટલા પુસ્તકાલયો આવેલા છે જ્યારે ન્યુનત્તમ ૧ જેટલા પુસ્તકાલય જોવા મળે છે.

બીજી તરફ તાલુકા પ્રમાણે પ્રસ્તુત પરિસ્થિતિનો અભ્યાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**આલેખ : ૧ ગામમાં પુસ્તકાલય કાર્યરત છે કે નહિ તે તાલુકા પ્રમાણે વર્ગીકરણ દર્શાવતો આલેખ (ટકાવારી)**




પ્રસ્તુત પરિણામ દર્શાવે છે કે સુરત જિલ્લામાં તાલુકા પ્રમાણે અભ્યાસ કરીએ તો જણાશે કે ચોર્યાસી, બારડોલી અને માંડવીમાં પસંદ કરાયેલા ગામોમાંથી લગભગ બધાજ ગામોમાં પુસ્તકાલય કાર્યરત અવસ્થામાં જોવા મળે છે, જ્યારે માંગરોલ અને ઓલપાડ તાલુકામાં અન્ય તાલુકા પરિસ્થિતિ વધુ ગંભીર જોવા મળે છે.

પસંદ કરેલા ગામોમાં કઈ પ્રકારના પુસ્તકાલયો ઉપલબ્ધ છે તેનો અભ્યાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**કોષ્ટક : ૧ ગામમાં કયા પ્રકારના પુસ્તકાલય ઉપલબ્ધ છે તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ખાનગી | ૫ | ૧૦.૦ |
| જાહેર | ૪૩ | ૮૬.૦ |
| ખાનગી અને જાહેર | ૨ | ૪.૦ |
| કુલ | ૫૦ | ૧૦૦.૦ |

સ્ત્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતીના આધારે જણાય છે કે પસંદ કરેલા ગામોમાંથી કેટલાક ગામોમાં ખાનગી પુસ્તકાલયો પણ કાર્યરત છે. જોકે તેનું પ્રમાણ ઘણું ઓછું છે જ્યારે જાહેર પુસ્તકાલયો એટલે કે ગ્રામીણ

સાર્વજનિક પુસ્તકાલયોનું પ્રમાણ લગભગ ૯૦ ટકા જેટલું પ્રાપ્ત થયું છે. એક તરફ વિશ્વના દેશો આર્થિક વિકાસની સાથે સાથે માનવવિકાસ તરફ ઝડપથી વિકસી રહ્યા છે, અને માનવવિકાસના મહત્વના માપદંડ તરીકે શિક્ષણ એ પાયાનું માપદંડ છે, અને શિક્ષણ સાથે પુસ્તકાલય એ સીધું જોડાયેલું છે. બીજી તરફ સામાજિક વિકાસમાં પણ પુસ્તકાલયનું યોગદાન અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. જયારે પ્રસ્તુત અભ્યાસમાં પસંદ કરેલા સુરત જિલ્લાના તાલુકાઓમાં ક્ષેત્રકાર્ય દરમિયાન છેલ્લા થોડા વર્ષોથી સાર્વજનિક પુસ્તકાલયોનું પ્રમાણ ઘટતું રહ્યું છે. પ્રસ્તુત જિલ્લામાં જે ગામોમાં સાર્વજનિક પુસ્તકાલયો ઉપલબ્ધ છે ત્યાં પણ તેની પરિસ્થિતિ પ્રમાણમાં એટલી બધી સારી જોવા મળી નથી.

પ્રસ્તુત વિસ્તારમાં ગામની શાળામાં અલગથી પુસ્તકાલય છે કે નહિ તેનો અભ્યાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે. પરિણામ દર્શાવે છે કે પસંદ કરેલા ગામોમાંથી ૫૬.૦ ટકા ગામોમાં ગામની પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક શાળામાં પુસ્તકાલયો ઉપલબ્ધ છે, જયારે ૪૪.૦ ટકા ગામોમાં શાળામાં પુસ્તકાલયો ઉપલબ્ધ નથી.

સાર્વજનિક પુસ્તકાલયો જે બંધ અવસ્થામાં છે તે શા માટે બંધ છે તે જાણવાનો પ્રયાસ પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે.

**કોષ્ટક : ૨ ગામમાં પુસ્તકાલય બંધ છે તો શા માટે બંધ છે તેના કારણો દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ગ્રંથપાલ નથી માટે | ૧ | ૨.૦ |
| પુસ્તકાલયને ગ્રાન્ટ નથી મળતી માટે | ૪ | ૮.૦ |
| પુસ્તકાલયનો કોઈ ઉપયોગ નથી કરતાં માટે | ૨ | ૪.૦ |
| લાગુ પડતું નથી | ૪૦ | ૮૦.૦ |
| ગ્રંથપાલ નથી અને પુસ્તકાલયનું અલગ મકાન નથી અને ગ્રાન્ટ પણ મળતી નથી માટે | ૩ | ૬.૦ |
| કુલ | ૫૦ | ૧૦૦.૦ |

સ્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

પસંદ કરેલા ગામોમાંથી ૮૦.૦ ટકા ગામોમાં પુસ્તકાલયો કાર્યરત છે પરંતુ જે ૨૦.૦ ટકા ગામોમાં પુસ્તકાલય શા માટે બંધ અવસ્થામાં છે તેની તપાસ કરતાં જાણવા મળ્યું કે ૨.૦ ટકા ગામોમાં ગ્રંથપાલ નથી એટલે પુસ્તકાલયની સાચવણી માટે કોઈ યોગ્ય વ્યક્તિ ન હોવાથી પુસ્તકાલય બંધ અવસ્થામાં છે તેવું જાણવા મળ્યું છે. બીજી તરફ ૮.૦ ટકા ગામોમાં એવું જાણવા મળ્યું કે પુસ્તકાલયને ગ્રાન્ટ મળતી નથી તેથી તે બંધ અવસ્થામાં છે.૪.૦ ટકા ગામોમાં ગ્રામજનો પુસ્તકાલયનો ઉપયોગ ન કરતાં હોવાથી તે બંધ થઇ ગયા છે.

તેમજ ૬.૦ ટકા ગામોમાં ગ્રંથપાલ નથી તેમજ પુસ્તકાલયનું અલગ મકાન નથી અને ગ્રાન્ટ પણ નથી મળતી માટે ગામમાં સાર્વજનિક પુસ્તકાલય કાર્યરત અવસ્થામાં નથી.

ગામના લોકો પુસ્તકાલયોનો ઉપયોગ કરે છે તે સંદર્ભે અભ્યાસ પ્રસ્તુત અભ્યાસમાં કર્યો છે. કેટલાક ગામોમાં પુસ્તકાલય બંધ અવસ્થામાં છે છતાં પુસ્તકો ગામના લોકો ઉપયોગ કરે છે. તેની સાથેના ગામોનો અભ્યાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે. પ્રાપ્ત પરિણામ દર્શાવે છે કે ૭૪.૦ ટકા ગામોમાં પુસ્તકાલયનો ઉપયોગ કરવામાં આવે છે જ્યારે ૨૬.૦ ટકા ગામો એવા છે કે જ્યાં પુસ્તકાલયનો ઉપયોગ થતો નથી. પ્રસ્તુત પરિણામ પસંદ કરેલા ગામોના આધારે છે. પ્રસ્તુત ગામોમાં પુસ્તકાલયનો ઉપયોગ નથી કરતાં તો શા માટે નથી કરતાં તેનો અભ્યાસ કરતાં વિવિધ કારણો જાણવા મળ્યા છે.

**કોષ્ટક : ૩ ગામના લોકો પુસ્તકાલયનો ઉપયોગ નથી કરતાં તો શા માટે નથી કરતાં તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| **જરૂરીયાત મુજબના પુસ્તકો ઉપલબ્ધ નથી અને સમયસર પુસ્તકો નથી મળતા માટે** | ૨ | ૪.૦ |
| **લોકોને વાંચવામાં રસ નથી માટે** | ૧ | ૨.૦ |
| **લાગુ પડતું નથી અને પુસ્તકાલય કાર્યરત નથી માટે** | ૪૭ | ૯૪.૦ |
| **કુલ** | ૫૦ | ૧૦૦.૦ |

સ્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું કે કેટલાક ગામોમાં જરૂરીયાત મુજબના પુસ્તકો ઉપલબ્ધ નથી તેમજ સમયસર પુસ્તકો નથી મળતા માટે (૪.૦ ટકા) ગ્રામજનો પુસ્તકાલયનો ઉપયોગ કરતાં નથી. બીજી બાજુ ૨.૦ ટકા ગામો એવા જોવા મળ્યા કે લોકોને વાચનમાં રસ ન હોવાથી તે ગામોમાં પુસ્તકાલયનો ઉપયોગ થતો નથી. જયારે ૯૪.૦ ટકા ગામોમાં પુસ્તકાલય કાર્યરત છે અથવા જ્યાં પુસ્તકાલય બંધ છે ત્યાં તે કાર્યરત નથી એવું પ્રસ્તુત પરિણામના આધારે જોવા મળે છે.

ગામમાં પુસ્તકાલય છે અને તેનું સંચાલન કોણ કરે છે તેનો જવાબ મેળવતા નીચેના પરિણામો પ્રાપ્ત થયા છે.

**આલેખ : ૨ ગામના પુસ્તકાલયનું સંચાલન દ્વારા થાય છે તે વર્ગીકરણ દર્શાવતો આલેખ**




મહદ્અંશે મોટાભાગના પુસ્તકાલયો રાજ્ય સરકાર દ્વારા સંચાલિત છે, પરંતુ તેનું સંચાલન કેટલીક જગ્યાએ જે એ ગામમાં તેના માટેની એક સમિતિ દ્વારા થાય છે, અને કેટલાક ગામોમાં ગામનો કોઈ વડીલ કે શાળા દ્વારા દેખરેખ હેઠળ હોય છે પરંતુ તેનું સંચાલન જિલ્લા થકી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. જ્યાં ખાનગી પુસ્તકાલયો જોવા મળ્યા ત્યાં નગરપાલિકા કે અન્ય ખાનગી સંસ્થા દ્વારા તે સંચાલિત થાય છે. મોટેભાગના પુસ્તકાલયોની ગ્રાન્ટ રાજ્ય સરકાર આપે છે, ભલે સંચાલન જે તે સમિતિ કે વ્યક્તિ દ્વારા કરવામાં આવતું હોય. સાર્વજનિક પુસ્તકાલય માટે અલગ મકાનની વ્યવસ્થા છે કે નહિ એ બાબતે જ્યાં પુસ્તકાલયો કાર્યરત છે અને કાર્યરત નથી તે બન્ને ગામોમાં પ્રાપ્ત પરિણામો નીચે મુજબ જાણવા મળે છે. પ્રાપ્ત પરિણામ મુજબ ૩૮.૦ ટકા ગામો એટલેકે પસંદ કરેલા ગામો માંથી ૧૯ ગામો એવા જોવા મળ્યા કે જ્યાં પુસ્તકાલય માટે અલગથી મકાનની વ્યવસ્થા છે. જયારે ૬૨.૦ ટકા ગામોમાં પુસ્તકાલય માટે અલગથી મકાનની વ્યવસ્થા નથી. પુસ્તકાલયમાં એક સાથે કેટલા વાચકો બેસી શકે? એ બાબતે ક્ષેત્રકાર્ય દ્વારા જાણવા મળે છે કે મહત્તમ ૭૦ જેટલા વાચકો એક સાથે વાંચનાલયમાં બેસી શકે એવી વ્યવસ્થા પુસ્તકાલયોમાં ઉપલબ્ધ છે. કઠવાડા જેવા ગામમાં પુસ્તકાલય બંધ અવસ્થામાં છે પરંતુ તેઓ તેને ચાલુ કરવા માટેના પ્રયત્નો કરી રહ્યા છે અને તેમણે પુસ્તકાલય માટે અલગ મકાનની વ્યવસ્થા ઊભી કરી દીધી છે અને ત્યાં ૩૦૦ વાચકો એક સાથે બેસી શકે એવી વ્યવસ્થા તેઓએ ઊભી કરી છે.

**આલેખ : ૩ તાલુકા પ્રમાણે પુસ્તકાલયનું સ્વતંત્ર મકાન છે કે નહિ તે દર્શાવતો આલેખ (%)**



પ્રસ્તુત અભ્યાસમાં તાલુકા પ્રમાણે અભ્યાસ કરતાં જણાય છે કે ઓલપાડ, ચોર્યાસી અને પલસાણા તાલુકામાં જિલ્લાના અન્ય તાલુકા કરતાં સારી પરિસ્થિતિ છે, જોકે આ તાલુકાઓમાં પણ દરેક ગામોમાં પુસ્તકાલય માટે અલગ મકાનની વ્યવસ્થા હોવી જોઈએ તે નથી. ક્ષેત્રકાર્ય દરમિયાન સ્થાનિક લોકોની તીવ્ર ઈચ્છા એ હતી કે ગામના સાર્વજનિક પુસ્તકાલયનું અલગ મકાન હોય. જે ગામોમાં પુસ્તકાલયનું મકાન ઉપલબ્ધ નથી ત્યાં કોના મકાનમાં પુસ્તકાલય કાર્યરત છે તેની તપાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**કોષ્ટક : ૪ ગામમાં પુસ્તકાલયનું મકાન ઉપલબ્ધ નથી તો કોના મકાનમાં પુસ્તકાલય કર્યરત છે તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| ગામના સરપંચશ્રીના મકાનમાં | ૧ | ૨.૦ |
| ગામના પંચાયતના સભ્યશ્રીના મકાનમાં | ૧ | ૨.૦ |
| ગામની શાળાના શિક્ષકશ્રીના મકાનમાં | ૧૧ | ૨૨.૦ |
| ગામના અગ્રણીના મકાનમાં | ૩ | ૬.૦ |
| ગામની શાળામાં | ૧૫ | ૩૦.૦ |
| લાગુ પડતું નથી | ૧૯ | ૩૮.૦ |
| કુલ | ૫૦ | ૧૦૦.૦ |

સ્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત પરિણામ મુજબ જાણવા મળે છે કે પુસ્તકાલય ગામના સરપંચશ્રીના ઘરમાં, ગ્રામ પંચાયતના સભ્યશ્રીના મકાનમાં, ગામના અગ્રણીના મકાનમાં તેમજ ગામના શાળાના શિક્ષકના ઘરે અને ઘણા ગામોમાં ગામની શાળાના મકાનમાં પુસ્તકાલય ચાલુ જોવા મળે છે. ગામમાં પુસ્તકાલય માટેનું મકાન જ્યાં ઉપલબ્ધ છે ત્યાં તે મકાન કોના દ્વારા મળ્યું તેની તપાસ કરતાં પ્રાપ્ત માહિતી મુજબ નીચે પ્રમાણેનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**કોષ્ટક : ૫ ગામમાં પુસ્તકાલયનું મકાન ઉપલબ્ધ છે તો તે કોના દ્વારા મળ્યું છે તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| એન.જી.ઓ દ્વારા | ૧ | ૨.૦ |
| સમાજનાં દાતા (દાનવીર) દ્વારા | ૬ | ૧૨.૦ |

| | | |
|---|---|---|
| સરકાર દ્વારા | ૪ | ૮.૦ |
| ગ્રામ પંચાયત દ્વારા | ૩ | ૬.૦ |
| અન્ય | ૫ | ૧૦.૦ |
| લાગુ પડતું નથી | ૩૧ | ૬૨.૦ |
| કુલ | ૫૦ | ૧૦૦.૦ |
| સ્ત્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે | | |

ઉપરોક્ત કોષ્ટક પ્રમાણે જાણવા મળે છે કે ૨.૦ ટકા ગામોમાં એન.જી.ઓ દ્વારા પુસ્તકાલય માટેનું મકાન મળ્યું છે જયારે ૧૨.૦ ટકા ગામોમાં ગામના કે સમાજનાં દાનવીર તરફથી, ૬.૦ ટકા ગામોમાં ગ્રામ પંચાયત દ્વારા અને ૮.૦ ટકા ગામોમાં સરકાર દ્વારા પણ સહાય મળી છે તેવું પરિણામ પ્રાપ્ત થયું છે. પુસ્તકાલયનું મકાન અને જ્યાં પુસ્તકાલય કાર્યરત છે તે મકાન પર્યાપ્ત છે કે નહિ? તેની તપાસ કરતાં ૫૬.૦ ટકા ગામોમાં (૨૮ ગામો) સાર્વજનિક પુસ્તકાલય માટેનું મકાન પુરતું છે, તેની જગ્યા અને વાચન માટેની જગ્યા વગેરે પુરતા પ્રમાણમાં છે જયારે ૪૪.૦ ટકા ગામોમાં (૨૨ ગામો) આ વ્યવસ્થા પુરતા પ્રમાણમાં નથી. ગામોની શાળામાં જ્યાં પુસ્તકાલય ચાલે છે ત્યાતો વિદ્યાર્થી માટેના વર્ગ ખંડમાં જ પુસ્તકાલયના કબાટ રાખવામાં આવ્યા છે. અને કેટલાક ખાનગી ઘરોમાં જ્યાં પુસ્તકાલય કાર્યરત છે ત્યાં પણ આવી જ પરિસ્થિતિ છે.

ગ્રામીણ વિસ્તારમાં સાર્વજનિક પુસ્તકાલયમાં ભૌતિક સુવિધાઓ સંદર્ભે અભ્યાસ કરતાં જણાય છે કે ૫૬.૦ ટકા ગામોમાં પુસ્તકાલયમાં સારા પ્રમાણમાં ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે જયારે ૪૪.૦ ટકા ગામોમાં હજી યોગ્ય પ્રમાણમાં પુસ્તકાલય ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ નથી. વિવિધ પ્રકારની સુવિધાઓ સંદર્ભે અભ્યાસ કરતાં નીચે મુજબના પરિણામો પ્રાપ્ત થયા છે.

કોષ્ટક : ૬ ગ્રામીણ પુસ્તકાલયમાં વિવિધ ભૌતિક સુવિધાઓનું વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક

| વિગત | ગામના પુસ્તકાલયના વાચનખંડમાં ખુરશી/ટેબલ/લાઈટ/પંખાની સુવિધા કેવી છે તે દર્શાવતું વર્ગીકરણ | | ગામના પુસ્તકાલયમાં શૌચાલય/બાથરૂમની સુવિધાઓ કેવી છે તે દર્શાવતું વર્ગીકરણ | | ગામના પુસ્તકાલયમાં પીવાના ચોખ્ખા પાણીની સુવિધા કેવી છે તે દર્શાવતું વર્ગીકરણ | |
|---|---|---|---|---|---|---|
| | કંપન સંખ્યા | ટકાવારી | કંપન સંખ્યા | ટકાવારી | કંપન સંખ્યા | ટકાવારી |
| ખૂબ સારી | ૭ | ૧૪.૦ | ૫ | ૧૦.૦ | ૯ | ૧૮.૦ |
| સારી | ૧૨ | ૨૪.૦ | ૧૫ | ૩૦.૦ | ૧૭ | ૩૪.૦ |
| મધ્યમ | ૮ | ૧૬.૦ | ૬ | ૧૨.૦ | ૧ | ૨.૦ |
| સામાન્ય | ૧૩ | ૨૬.૦ | ૧૪ | ૨૮.૦ | ૧૩ | ૨૬.૦ |
| લાગુ પડતું નથી | ૧૦ | ૨૦.૦ | ૧૦ | ૨૦.૦ | ૧૦ | ૨૦.૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કુલ | ૫૦ | ૧૦૦.૦ | ૫૦ | ૧૦૦.૦ | ૫૦ | ૧૦૦.૦ |
| સ્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે | | | | | | |

પ્રસ્તુત ગામોમાં વિવિધ સુવિધાઓ સંદર્ભે અભ્યાસ કરતાં જણાય છે કે પુસ્તકાલયના વાચનખંડમાં ખુરશી, ટેબલ, લાઈટ અને પંખાની સુવિધાઓ વિષે જણાય છે કે ૧૪.૦ ટકા ગામોમાં આ સુવિધાઓ ખૂબ જ સારી છે. જયારે ૨૪.૦ ટકા ગામોમાં સારી, ૧૬.૦ ટકા ગામોમાં મધ્યમ અને ૨૬.૦ ટકા ગામોમાં સામાન્ય પ્રકારની સુવિધાઓ જોવા મળે છે. ગામમાં પુસ્તકાલયમાં શૌચાલય અને બાથરૂમની સુવિધા સંદર્ભે જાણવા મળે છે કે માત્ર ૧૦.૦ ટકા ગમોમજ આ સુવિધાનું પ્રમાણ સારું પ્રાપ્ત થયું બાકીના ગામોમાં તો જે તે મકાનમાં સુવિધાઓ ઉપલબ્ધ ન હતી. શાળાના મકાનમાં, મંદિરમાં કે અન્ય પુસ્તકાલયની નજીકના રહેતા ગામ લોકોમાં મકાનનો ઉપયોગ કરવામાં આવે છે. પીવાના ચોખ્ખા પાણીમાં પણ લગભગ એવુંજ જોવા મળ્યું કે સ્થાનિક જગ્યાએ પીવા માટે પાણી મળી રહે છે, કેટલાક ગામોમાં પાડોસીના મકાન માંથી પાણી મળી રહે છે અને ગ્રામજનો તેનો ઉપયોગ કરે છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન ઉત્તરદાતા તરફથી પ્રાપ્ત માહિતી પ્રમાણે ૩૬.૦ ટકા ગામોમાં એવું જોવા મળ્યું કે ગામના સાર્વજનિક પુસ્તકાલયમાં ગ્રંથપાલ જોવા મળે છે, એટલે કે એક વ્યક્તિ જે પુસ્તકાલયનું સમગ્ર કામ કરે છે અને તેનું સંપૂર્ણ સંચાલન કરે છે. જો કે પુસ્તકાલયનું સંચાલન માટે તેઓ ગ્રંથપાલ માટેનો નિર્ધારિત કોર્ષ કર્યો હોય તેવું નથી, કોઈ ગામના શિક્ષક, આગેવાન કે ગામની શાળાના કોઈ શિક્ષક વગેરે દ્વારા તેને ચલાવવામાં આવે છે. જે પુસ્તકાલયોમાં ગ્રંથપાલ છે ત્યાં તેમને પગાર કોના દ્વારા ચુકવવામાં આવે છે તેની તપાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**કોષ્ટક : ૭ પુસ્તકાલયના ગ્રંથપાલને પગાર કોના દ્વારા ચુકવવામાં આવે છે તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| એન.જી.ઓ | ૨ | ૪.૦ |
| સ્વ ભંડોળ દ્વારા | ૧ | ૨.૦ |
| ગ્રામ પંચાયત દ્વારા | ૨ | ૪.૦ |
| રાજ્ય સરકાર દ્વારા | ૨૬ | ૫૨.૦ |
| સ્થાનિક સંસ્થા દ્વારા | ૪ | ૮.૦ |
| અન્ય | ૫ | ૧૦.૦ |
| લાગુ પડતું નથી | ૧૦ | ૨૦.૦ |

| | | |
|---|---|---|
| કુલ | ૫૦ | ૧૦૦.૦ |
| સ્ત્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે | | |

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૫૨.૦ ટકા ગ્રંથપાલને પગાર રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. જો કે તેમને રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવતો પગાર બહુ જ ઓછો છે. તેમના જણાવ્યા પ્રમાણે માત્ર ૧૨૦૦/- અને ક્યાંક ૯૦૦/- જેટલો પગાર વાર્ષિક સરકાર દ્વારા આપવામાં આવે છે, જે ઘણો જ ઓછો ગણાવી શકાય. સુરતમાં સરકારશ્રીની વેબસાઈટ પ્રમાણે ૪૭૨ જેટલા ગામોમાં સાર્વજનિક પુસ્તકાલય ચાલુ અવસ્થામાં છે. પરંતુ તે પુસ્તકાલયોમાં કાયમી ગ્રંથપાલ નથી અને જ્યાં ગ્રંથપાલ છે જેઓ ગ્રંથપાલ તરીકે પોતે માનદ સેવા આપી રહ્યા છે પરંતુ તેમને બહુજ સામાન્ય પગાર (મહેનતાણું) ચુકવવામાં આવે છે. મહેનતાણા સિવાય ગ્રાન્ટ પણ એટલી મળે છે કે જે ગામના પુસ્તકાલયના નિભાવ ખર્ચ માટે પણ પર્યાપ્ત નથી. કેટલાક ગામોમાં એન.જી.ઓ દ્વારા તેમજ ક્યાંક ગ્રામ પંચાયત દ્વારા પગાર ચુકવવામાં આવે છે. કેટલાક ગામોમાં સ્થાનિક સંસ્થાઓ વગેરે પણ આ સંદર્ભે સેવા પૂરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત ગામમાં પુસ્તકાલયમાં હાલ વાચકો વાચન માટે આવે છે આ બાબતે નીચે મુજબનું પરિણામ આપે છે.

**આલેખ : ૪ ગામના પુસ્તકાલયમાં હાલ વાચકો વાંચન માટે આવે છે તે વર્ગીકરણ દર્શાવતો આલેખ**




| | હા | ના | લા.પ.ન. |
|---|---|---|---|
| કંપન સંખ્યા | ૩૮ | ૨ | ૧૦ |
| ટકાવારી | ૭૬.૦ | ૪.૦ | ૨૦.૦ |

વિવિધ પસંદ કરેલા ગામોના અભ્યાસ દરમિયાન પ્રાપ્ત મહિતી મુજબ જોવા મળે છે કે ૭૬.૦ ટકા ગામોમાં નિયમિત પ્રમાણે વાચકો પુસ્તકાલયમાં વાચન માટે આવે છે. જયારે ૪.૦ ટકા ગામો એવા છે કે જ્યાં પુસ્તકાલય છે પરંતુ તેઓ નિયમિત રીતે વાચન માટે આવતા નથી. આ ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતી પ્રમાણે જાણવા મળ્યું કે, કેટલાક ગામોમાં શાળાના મકાનમાં પુસ્તકાલય કાર્યરત હોવાને કારણે ત્યાં ગામના લોકો પુસ્તકાલયનો ઉપયોગ કરવા માટે જાય છે પરંતુ ત્યાં વર્તમાન પત્રો વાચી અને પુસ્તકો લઈને ઘરે વાચન માટે લઇ આવે છે કેમ કે ત્યાં બેસવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ નથી. પુસ્તકાલયમાં સરેરાશ કેટલા વાચકો આવે છે? તેના પરિણામ રૂપે જાણવા મળે છે કે, કેટલાક ગામોમાં ઓછામાં ઓછા ૧ વાચક

જયારે વધુમાં વધુ ૧૮૦ જેટલા વાચકો પુસ્તકાલયની મુલાકાતે આવે છે તેવા પરિણામો પણ મળ્યા છે. ખાસ કરીને નગર જેવા વિસ્તારના પુસ્તકાલયમાં વધુ વાચકો આવે છે. સરેરાશ ૨૩ થી ૨૪ જેટલા વાચકો વાચન માટે આવે છે.

ગામમાં સાર્વજનિક પુસ્તકાલયમાં હાલ વાચકો વાચન માટે નથી આવતા ક્ષેત્રકાર્ય દરમિયાન તેના વિવિધ કારણો પ્રાપ્ત થયા છે, જેમાં ૮.૦ ટકા ગામોમાં એવા કારણો મળ્યા કે જ્યાં વાચકોને વાચનમાંથી રસ ઓછો થઇ ગયો છે. જયારે ૪.૦ ટકા ગામના વાચકો પુરતા પુસ્તકોના અભાવના કારણે આવતા નથી, બીજી તરફ ૨.૦ ટકા લોકો પાસે સમયના અભાવના કારણે માટે તેઓ પુસ્તકાલયનો ઉપયોગ કરવા માટે નથી જતાં.

ગ્રામજનો જે ગામના સાર્વજનિક પુસ્તકાલયનો ઉપયોગ કરવા માટે જાય છે તેઓ સૌથી વધુ પુસ્તકોનો ઉપયોગ કરે છે. પુસ્તકોમાં ખાસ કરીને ગુજરાતી નવલકથાના પુસ્તકો સૌથી વધુ ઉપયોગ થાય છે. આ ઉપરાંત વર્તમાનપત્ર અને સામયિકો માટે પણ ગામના વાચકો ઉપયોગ સાર્વજનિક પુસ્તકાલયમાં કરે છે. પરંતુ ૭૪.૦ ટકા વાચકો પુસ્તકોનો ઉપયોગ કરે છે છે જે સામયિકો અને વર્તમાન પત્ર કરતાં ઘણી વધારે છે. અત્રે એ નોંધવું ઘટે કે દરેક પુસ્તકાલયોમાં વર્તમાન પત્રો અને સામયિકો નથી આવતા. જ્યાં આવે છે તે ક્યાંતો ગ્રંથપાલ પોતાના ખર્ચે આવે છે કે શાળામાં કાર્યરત હોય તો શાળાના વર્તમાન પત્ર અને સામયિકો ત્યાં મુકવામાં આવે છે તેનો ઉપયોગ ગ્રામજનો કરે છે. પુસ્તકોની સંખ્યા સંદર્ભે માહિતીના સરેરાશના માપદંડ અને મધ્યવર્તી સ્થિતિના અન્ય માપદંડો દ્વારા અભ્યાસ કરતાં નીચે મુજબનું પરિણામ પ્રાપ્ત થયું છે.

**કોષ્ટક : ૮ સરેરાશના માપદંડ અને મધ્યવર્તી સ્થિતિના અન્ય માપદંડો (Descriptive Statistics)**

| વિગત | કુલ ઉતરદાતા | મહત્તમ મુલ્ય (Maximum) | સરેરાશ (Mean) |
|---|---|---|---|
| **અંગ્રેજી** | ૪૦ | ૮૦૦.૦૦ | ૧૧૧.૮૫૦૦ |
| **ગુજરાતી** | ૪૦ | ૧૨૦૦૦.૦૦ | ૧૭૬૭.૨૭૫૦ |
| **હિન્દી** | ૪૦ | ૫૩૨૦.૦૦ | ૨૦૩.૦૫૦૦ |
| **અન્ય ભાષાના પુસ્તકો** | ૪૦ | ૬૦૦૦.૦૦ | ૧૬૪.૩૭૫૦ |

સ્ત્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

પ્રસ્તુત પરિણામ પ્રમાણે કઈ ભાષામાં પુસ્તકો ઉપલબ્ધ છે તે બાબતે અભ્યાસ કરતાં જાણવા મળે છે કે પસંદગીયુક્ત દરેક ગામોના પુસ્તકાલયમાં ગુજરાતી ભાષાના પુસ્તકો વધુ જોવા મળે છે. (સરેરાશ ૧૭૬૭), બીજી તરફ અંગ્રેજી ભાષામાં સરેરાશ ૧૧૧ જેટલા પુસ્તકો પુસ્તકાલયોમાં ઉપલબ્ધ છે. હિન્દી ભાષાના પુસ્તકોનું પ્રમાણ સરેરાશ ૨૦૩ જેટલા જોવા મળે છે.

વાચનસામગ્રીની ભાષાનો અભ્યાસ કરતાં જણાય છે કે મોટાભાગેના ગામોમાં ગુજરાતી ભાષાના પુસ્તકો અને અન્ય વાચન સામગ્રી વાંચવામાં આવે છે. જયારે ૨.૦ ટકા ગામોમાં હિન્દી અને ૨.૦ ગામોમાં અંગ્રેજી ભાષાના પુસ્તકો અને અન્ય વાચન સામગ્રીનો ઉપયોગ વાચકો વાચન માટે કરે છે. ગામના પુસ્તકાલયમાં દ્રશ્ય-શ્રાવ્ય ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે કે નહિ તેની તપાસ કરતાં જાણવા મળ્યું છે કે લગભગ બધાજ ગામોમાં આવાં કોઈ ઉપકરણો લાઈબ્રેરી પાસે ઉપલબ્ધ નથી. પરંતુ તેઓ જણાવે છે કે, આવા ઉપકરણો દ્વારા ગ્રામજનોમાં વધુ જાગૃતતા લાવી શકાય, તેમજ દ્રશ્ય-શ્રાવ્ય ઉપકરણો દ્વારા પ્રસ્તુત થતી વિવિધ સામગ્રી દ્વારા સમાજની અભણ વ્યક્તિને પણ સારી રીતે સમજાવી શકાય.

પુસ્તકાલય દ્વારા વિસ્તરણ પ્રવૃત્તિના સંદર્ભમાં જાણવા મળે છે કે પસંદગી યુક્ત ૫૦ ગામોના અભ્યાસ પરથી જાણવા મળે છે કે માત્ર ૨૪.૦ ટકા ગામોમાં પુસ્તકાલય દ્વારા વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યું કે ખાસ કરીને પુસ્તકાલય દ્વારા અને પુસ્તકાલય સંદર્ભે વિસ્તરણ પ્રવૃત્તિ તાલુકા અને જિલ્લા કક્ષાએ વધુ થાય છે. કેટલાક ગામોમાં ગામની શાળામાં પુસ્તકાલય કાર્યરત છે અને તેના દ્વારા કેટલીક વિસ્તરણ પ્રવૃત્તિ કરવામાં આવે છે. વિવિધ પ્રકારની વિસ્તરણ પ્રવૃત્તિ જે ગ્રામીણ વિસ્તારમાં થાય છે જે નીચે મુજબ છે.

**કોષ્ટક : ૯ ગામના પુસ્તકાલય દ્વારા વિસ્તરણ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે તે વર્ગીકરણ દર્શાવતું કોષ્ટક**

| વિગત | કંપન સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| **પુસ્તક પ્રદર્શન** | ૧૦ | ૨૦.૦ |
| **જ્ઞાન ગોષ્ટિ** | ૨ | ૪.૦ |
| **લાગુ પડતું નથી** | ૩૮ | ૭૬.૦ |
| **કુલ** | ૫૦ | ૧૦૦.૦ |

સ્રોત: ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત થયેલ માહિતીના આધારે

જે ગામોમાં વિસ્તરણ પ્રવૃત્તિ થાય છે તે ગામોનો અભ્યાસ કરતાં જાણવા મળે છે કે ૨૦.૦ ટકા ગામોમાં પુસ્તક પ્રદર્શન, ૪.૦ ટકા ગામોમાં જ્ઞાન ગોષ્ઠી વગેરે જેવી પ્રવૃત્તિ થાય છે. મહુવા તાલુકામાં તાલુકા પુસ્તકાલય દ્વારા વિવિધ પ્રકારની વિસ્તરણ પ્રવૃત્તિ બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે. ખાસ કરીને પુસ્તક પ્રદર્શન, ગ્રંથ યાત્રા,નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, મહેંદી હરીફાઈ, રંગોળી હરીફાઈ, એકપાત્ર અભિનય, વિવિધ વિષય ઉપર નાટકો તેમજ વિવિધ હરીફાઈનું નિયમિત આયોજન પુસ્તકાલય દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત 'રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહ'નું પણ આયોજન ખૂબ જ મોટા પયા પર કરવામાં આવે છે. પુસ્તકાલયની વિવિધ વિસ્તરણ પ્રવૃત્તિ દરમિયાન સમાજનાં વિવિધ અગ્રણીઓ અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પણ બોલાવવામાં આવે છે.

વિસ્તરણ પ્રવૃત્તિમાં શાળાના બાળકોને પણ જોડવામાં આવે છે. સિનિયર વાચકનું સન્માન વગેરે જેવા કાર્યક્રમો પણ કરવામાં આવે છે. પ્રસ્તુત પુસ્તકાલય દ્વારા પુસ્તક વિમોચન જેવા કાર્યક્રમો પણ કરવામાં આવે છે.

સમગ્ર ૫૦ ગામોનો અભ્યાસ કરતાં તેમાંથી માત્ર ૧૧ એટલે કે કુલ નીદર્શના ૨૨.૦ ટકા ગામોમાં સાપ્તાહિક રજા અને જાહેર રજાના દિવસે પણ સાર્વજનિક પુસ્તકાલય ચાલુ રહે છે જયારે ૫૮.૦ ટકા ગામોમાં જાહેર રજાના દિવસે તે બંધ રહે છે. આ ઉપરાંત ક્ષેત્રકાર્ય દરમિયાન પ્રાપ્ત માહિતી પ્રમાણે જ્યાં ગામની શાળામાં પુસ્તકાલય કાર્યરત છે ત્યાં શાળાના સમય દરમિયાન પુસ્તકાલય ખુલ્લું રહે છે. કેટલીક શાળાઓમાં ૩ થી ૫ અથવા શાળાના રિશેષ દરમિયાન તે કાર્યરત રહે છે, આ સમય દરમિયાન તેઓ પુસ્તકોની આપ લે કરે છે. ઉપરાંત પસંદગીયુક્ત ગામોના પુસ્તકાલયોમાં સરેરાશ ૬ કલાક જેટલો સમય પુસ્તકાલય ખુલ્લું રહે છે. કેટલાક ગામોમાં તે ૧૨ કલાક સુધી પણ ખુલ્લું રહે છે અને જ્યાં પુસ્તકાલય માટે પોતાનું અલગ ભવન નથી અને કોઈ ખાનગી વ્યક્તિ કે સ્થળોને તે ચાલતા રોજના એક કલાક જ પુસ્તકાલય ખુલ્લું રાખવામાં આવે છે.

ક્ષેત્ર અભ્યાસ દરમિયાન જાણવા મળ્યું છે કે ૨૪.૦ ટકા ગામોમાં ગ્રંથપાલ દ્વારા પુસ્તકાલય માટે પુસ્તકો પસંદ કરવામાં આવે છે, જયારે ૧૬.૦ ટકા ગામોમાં તેના માટેની સમિતિ છે જેઓ પુસ્તકોની પસંદગી કરે છે, ૬.૦ ટકા ગામોમાં આ પ્રક્રિયામાં જે તે વિષયના વિષય નિષ્ણાતોને પણ જોડવામાં આવે છે. ૮.૦ ટકા ગામોમાં ગ્રામ પંચાયત પણ જોડાયેલી જોવા મળે છે.

પસંદગીયુક્ત ગામોમાં સાર્વજનિક પુસ્તકાલયોનો અભ્યાસ કરતાં જણાય છે કે મોટા ભાગના ગામમાં પુસ્તકાલય શાળાના મકાનમાં કાર્યરત હોવાને કારણે તેઓ વિદ્યાર્થીઓના સૂચનોને ધ્યાનમાં લે છે. આ ઉપરાંત ૩૨.૦ ટકા ગામોમાં ગામના વિદ્યાર્થીઓના સૂચનોને ધ્યાનમાં લેવાય છે, જયારે ૪૮.૦ ટકા ગામોમાં પુસ્તકાલય માટે પુસ્તક પસંદગી માટે વિદ્યાર્થીઓના મંતવ્યો લેવામાં આવતા નથી. તેઓ જણાવે છે કે ગામના વિદ્યાથીની ઉંમર પ્રમાણમાં નાની હોવાને કારણે તેઓને પુસ્તકો વિષે એટલી બધી સભાનતા નથી.

પ્રસ્તુત ગામોના સાર્વજનિક પુસ્તકાલયોનો અભ્યાસ કરતાં જાણવા મળ્યું છે કે ૧૬.૦ ટકા ગામોમાં વાર્ષિક સભ્ય ફી લેવામાં આવે છે. પરંતુ લેવાતી સભ્ય ફી બહુજ ઓછા પ્રમાણમાં છે. મહુવા તાલુકા કક્ષાના પુસ્તકાલયમાં પાંચ વર્ષની ૧૦ રૂ. સભ્ય ફી લેવામાં આવે છે. જે ઘણી જ ઓછી ગણાવી શકાય. ૬૪.૦ ટકા ગામોમાં આવી કોઈ ફી લેવામાં આવતી નથી. અહીના પુસ્તકાલયના સંચાલકો જણાવે છે કે ગામના લોકો પુસ્તકાલયનો ઉપયોગ કરવા માટે આવે એજ અગત્યનું છે, જો એમાં પણ સભ્ય ફી લઈશું તો વાચકો વાચન માટે આવશે નહિ.

સુરત જીલ્લાના ગામોમાં સાર્વજનિક પુસ્તકાલયો કાર્યરત છે તે ગામોના પુસ્તકાલયોમાં સફાઈ સંદર્ભે જાણવા મળે છે કે ૩૬.૦ ટકા ગામોમાં લગભગ પ્રતિદિન પુસ્તકાલયોમાં સફાઈ કરવામાં આવે છે. અત્રે નોંધવા જેવું એ છે કે જ્યાં શાળા માં પુસ્તકાલયો કાર્યરત છે ત્યાં શાળાના બાળકો આ કામગીરી કરે છે. કેટલાક પુસ્તકાલયોમાં દર મહિને કે ત્રણ મહિને તેમજ છ મહિને થી ૧ વર્ષે પણ પુસ્તકાલયની સફાઈ થાય છે. અહી બીજી એક બાબત નોંધવા જેવી એ છે કે જ્યાં પુસ્તકાલય માટે કોઈ વાચન વ્યવસ્થા નથી ત્યાં માત્ર પુસ્તકાલયનું કબાટ રાખવા આવ્યું છે ત્યાં સમયના કેટલાક અંતરે પુસ્તક કબાટની સફાઈ કરવામાં આવે છે.

## ૭. ગ્રામીણ સાર્વજનિક પુસ્તકાલયના વિકાસ માટેના સુચનો

સુરત જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વિવિધ ગામોની મુલાકાત દરમિયાન વિવિધ પુસ્તકાલય સંચાલક, સરપંચ, ગામના અગ્રણી, ગ્રામ પંચાયતના સભ્યશ્રી, ગામના નિવૃત્ત શિક્ષકશ્રી તેમજ ગામના યુવા વર્ગ તરફથી મળેલા પુસ્તકાલયના વિકાસ સંદર્ભે કેટલાક સુચનો અત્રે દર્શાવવામાં આવ્યા છે.

પુસ્તકાલયને નિયમિત અનુદાન મળવું જોઈએ

પુસ્તકાલયમાં પ્રમાણમાં પુસ્તકો ઓછા છે, તેમજ સામાન્ય જ્ઞાનના પુસ્તકો હોવા જોઈએ જેથી લોકોના જનરલ નોલેજમાં વધારો થઇ શકે.

પુસ્તકાલય માટે અલગથી મકાનની વ્યવસ્થા હોવી જોઈએ

ગ્રંથપાલ માટે એક અલાયદા વ્યક્તિની નિમણુંક કરવામાં આવે અને તેને સારા પ્રમાણમાં માનદ વેતન પણ મળવું જોઈએ.

ઈ-લાઈબ્રેરી પણ શરુ થવી જોઈએ

પુસ્તકાલય દ્વારા વધુ પ્રમાણમાં વિસ્તરણ પ્રવૃત્તિ થવી જોઈએ ( જેવીકે પુસ્તક પ્રદર્શન, ગ્રંથ યાત્રા, વિવિધ વિષયો ઉપર ચર્ચાઓ, વિસ્તરણ વ્યાખ્યાન, વિવિધ હરીફાઈ વગેરે)

પુસ્તકાલય પ્રત્યે લોક જાગૃતિ વધે તેવા કાર્યક્રમો થવા જોઈએ

જ્યાં પુસ્તકાલય છે ત્યાં બેસવા માટે યોગ્ય વ્યવસ્થા નથી તો યોગ્ય આંતરિક માળખાકીય સુવિધાઓ હોવી જોઈએ (પંખા, ટ્યુબલાઈટ, ટેબલ, ખુરસી વગેરે)

પુસ્તકાલયમાં પીવાના પાણીની વ્યવસ્થા, શૈચાલયની વ્યવસ્થા હોવી જોઈએ.

પુસ્તકાલયમાં ઈન્ટરનેટ અને જરૂરી પ્રિન્ટ લઇ શકાય તેવી વ્યવસ્થા થવી જોઈએ, જેથી ગામના યુવા વર્ગને કે વિદ્યાર્થીને અભ્યાસ અર્થે જરૂરી પ્રિન્ટ કાઢી શકાય.

પુસ્તકાલયના ઉપયોગ સમય ઓછો છે, તેમાં વધારો થવો જોઈએ

નવા પ્રકાશિત પુસ્તકોની માહિતી મળવી જોઈએ અને નવા પુસ્તકો પણ આવવા જોઈએ.

લોકોને પુસ્તકાલય અંગેની માહિતી મળવી જોઈએ અને ગામના તમામ લોકો સ્ત્રી બાળક સહીત પુસ્તકાલયની મુલાકાત લે એવી વ્યવસ્થા થવી જોઈએ

સ્ત્રી તેમજ બાળકો માટે પુસ્તકાલયમાં અલગથી વ્યવસ્થા થવી જોઈએ

અંગ્રેજી અને હિન્દી ભાષાના પુસ્તકો પણ ઉમેરો કરવો જોઈએ

ગ્રામ વિકાસ, ખેત વિકાસ અને જરૂરી એવા વર્તમાન પત્રો અને સામયિકો પુસ્તકાલયમાં ઉપલબ્ધ હોવા જોઈએ

સરકાર દ્વારા ટી.વી.પર જાહેરાતોને પોસ્ટર પ્રદર્શન કરવા કોઈએ જેથી વધુ પ્રમાણમાં પુસ્તકાલયનો ઉપયોગ થઇ શકે.

### ૮. સમાપન

સુરત જિલ્લાના દરેક તાલુકામાં અને તેના વિવિધ ગામોમાં સાર્વજનિક પુસ્તકાલય સંદર્ભે અભ્યાસ પ્રસ્તુત અભ્યાસમાં કર્યો છે જેમાં ક્ષેત્રકાર્ય દરમિયાન જોવા મળ્યું છે કે મોટાભાગના સાર્વજનિક પુસ્તકાલયો શાળાના મકાનમાં ચાલે છે અને તે શાળાના કોઈ શિક્ષક અથવા શાળાના આચાર્યશ્રી દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે. કેટલાક ગામોમાં પંચાયત મકાનમાં સાર્વજનિક પુસ્તકાલયના એક થી બે કબાટ રાખવામાં આવેલા હોય છે, ક્યાંક ગામના કોઈ શિક્ષક અથવા જેને વાચનમાં રસ હોય તેવા વ્યક્તિને ત્યાં સાર્વજનિક પુસ્તકાલયના પુસ્તકો ઉપલબ્ધ હોય છે, જેનો ક્યારેકજ ઉપયોગ ગ્રામના અન્ય લોકો દ્વારા કરવામાં આવે છે, ઘણા ગામમાં તો ગ્રામજનોને ખબર જ નથી કે ગામમાં કોઈ સાર્વજનિક પુસ્તકાલય છે.

મોટાભાગના ગામોમાં પુસ્તકાલય માટે કોઈ અલગથી મકાનની વ્યવસ્થા નથી, તેમજ લગભગ બધાજ પુસ્તકાલયોમાં કોઈ ગ્રંથપાલ નથી. જે ગામમાં કોઈ વ્યક્તિ સાર્વજનિક પુસ્તકાલયની જવાબદારી લેવા માટે તૈયાર હોય છે એટલે કે પુસ્તકાલય ચલાવવા માટે તૈયાર છે અથવા પુસ્તકાલય ચલાવે છે તે ગ્રથાલય સંદર્ભે કોઈ ડીગ્રી નથી ધરાવતો. જ્યાં ગામના કોઈ વડીલ કે ગ્રામજન અથવા શિક્ષક દ્વારા સાર્વજનિક પુસ્તકાલયને ચાલુ રાખવા માટે પ્રયત્ન કરવામાં આવે છે તો ત્યાં તેઓને અનુદાન નિયમિત નથી મળતું અથવા મળતું જ નથી. સાર્વજનિક પુસ્તકાલય જાણે એક રજીસ્ટરમાં ચાલુ હોય તેવું ભાસે છે.

ક્ષેત્રકાર્યમાં આવરી લીધેલા મોટેભાગના પુસ્તકાલયોમાં અનુદાન મળતું બંધ થઇ ગયેલ છે. ક્યાંક પાંચ વર્ષ, ક્યાંક આઠ વર્ષ તો ક્યાંક દસ વર્ષથી અનુદાન નથી મળતું વગેરે જેવા જવાબો મળ્યા છે, અને જે અનુદાન પહેલા મળતું હતું તે પણ બહુ ઓછું હતું, જે ક્યારેય સાર્વજનિક પુસ્તકાલયને કાર્યરાત રાખવા માટે પુરતું ન હતું. ક્ષેત્રકાર્ય દરમિયાન જણાયું કે જ્યાં ગ્રામજનો એ પોતે રસ રાખીને જે પુસ્તકાલયો સાચવવા પ્રયત્ન કર્યો છે ત્યાં હજી તે ચાલુ છે, પરંતુ તેની પરિસ્થિતિ પણ એટલી બધી સારી હોય તેમ નથી.

## સંદર્ભસુચી

### ગુજરાતી સંદર્ભસુચી


I. ચૌહાણ મીનળ, (૧૯૯૩), "સાર્વજનિક ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા", સેજલ પ્રકાશન, અમદાવાદ

II. ડૉ.ચારણ શિવદાનભાઈ (૧૯૮૭), "ગ્રંથાલય સંચાલન) પાશ્વપ્રકાશન.

III. ડૉ.ચારણ શિવદાનભાઈ, (૧૯૯૧), "ગ્રંથાલય : ઇતિહાસ", ગ્રંથાગાર નવરંગપુરા,અમદાવાદ, પાન નં.૯૭.

IV. ડૉ.દેસાઈ હરિભાઈ.જી, (૧૯૭૩), "સંશોધન પદ્ધતિઓ અને પ્રવધિઓ", યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

V. ભૈયા છગન, (૧૯૮૯), "ગ્રથાલય અને સમાજ", ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ

VI. શાહ વિભૂતિ. (૧૯૮૧), "ગુજરાતમાં ગ્રંથાલય પ્રવૃત્તિ" માહિતી ખાતું, ગાંધીનગર

VII. શુકલ ડી. એન. (૧૯૭૮), "ગ્રંથાલય સેવાનું સંગઠન અને ઇતિહાસ", ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.


## અંગ્રેજી સંદર્ભસુચી


I. Anaba Alemna,(1995), Community libraries: an alternative to public libraries in Africa, Library Review Volume: 44 Issue: 7 1995

II. Bandyopadhyay Ratna. (2008), "Information Literacy And Public Library Services in West Bengal, India", Abrizah, et al. (Eds.): ICOLIS 2008, Kuala Lumpur: LISU, FCSIT, pp. 129-136.

III. Barman Badan, (2009), "Scenario of Rural Library Movement in Assam", Indian Journal of Information Science, September 6, 2009.

IV. Bhattacharjee R. (2002), "Public Library Services in India: Systems and Deficiencies" In Proceedings of the 68th IFLA International Congress and Council, Glasgow, 1-9 August 2002.

V. Dent, V. and Yannota L. (2005), "A Rural Community Library in Uganda: A Study of its Use and Users", Libri, vol. 55 No. 1, PP. 39-55.

VI. Eva Draper,(1964),A Village Library in Canada, Library Review Volume: 19 Issue: 7 1964 F.G. Thomas, (1928) County Library Work in a Village, Library Review Volume: 1 Issue: 8 1928

VII. Ghosh Maitreyee. (2005), "The Public Library System in India: Challenges and Opportunities", Library Review, 54(3), 180-191.

VIII. Gupta Kalpana Das. (2009), "Towards an Inclusive Knowledge Society: Role of Joint Use Libraries in Indian Academic and Public Library Sectors", ICAL 2009 – Libarary Services, pp.467-475.

IX. http://suratdp.gujarat.gov.in/surat/jilavishe/jilani-samaniy-ruprekha.htm (access on 08/03/2013)

X. Jagnayak S. (1997), "Role of Libraries in Socio-Economics Cultural and Education Development Among Rural People", Classical Publishing Company, New Delhi.

XI. K. S. Ranjith, (2004), Rural Libraries of Kerala, Discussion Paper No. 78,Kerala Research Programme on Local Level Development, Centre for Development Studies, Thiruvananthapuram.

XII. Kagan A. (1982), "Literacy, Libraries, and Underdevelopment – With Special Attention to Tanzania", Africana Journal, Vol. 13 Nos ¼, PP. 1-23.

XIII. Kerry Benstead, Rachel Spacey, Anne Goulding,(2004), hanging public library service delivery to rural communities in England, Source: New Library World Volume: 105 Issue: 11/12 2004

XIV. Krishnamurty R. (1977), "Library Management" Common Welth Publishers, New Delhi.

XV. Kumbar D.B. "Growth and Development of Public Library System in India With Special Reference to Karnataka", International workshop on "Democratization of Information : Focus on Libraries".

XVI. Malhan I.V. (2009), "Challenges and Problems of Library and Information Education in India : An Emerging Knowledge Society and Developing Nation of Asia",Asia-Pacific Conference on Library & Information Education & Practice.

XVII. Mittal S. R. (1964), "Organizing a Village Library", Publication Unit, National Council of Educational Research and Training, New Delhi.

XVIII. Nandi S. G. (2005), "Rural Development Library and Rabindranath In Information Support for Rural Development", Poroceedings of 21 National Seminar of IASLIC, 2004-05, Jadavpur University, Kolkata; 79-83.

XIX. Philip A. (1980), "Organization and Management of Rural (Village) Libraries", Maktaba, Vol. 7 No. 2, PP. 45-50.

XX. Raoekbote Gopal. (1987), "Public Library System", Ekbote Brothers, Hydrabad.

XXI. Ratna Bandyopadhyay, (2008), "Information Literacy and Public Library Services in West Bangal, India", Abrizah Abdullah, et al. (Eds.): ICOLIS 2008, Kuala Lumpur: LISU, FCSIT, pp 129-136.

XXII. Reddy M. Sankara. (2008), "Access to Information by the Rural Communities in Indian Villages: The Role of Raja Rammohun Roy Library Foundation (RRRLF)", World Lirary and Information Congress: 74th IFLA General Conference and Council, 10-14 August, Quebec,Canada.

XXIII. Richard M. Atuti,(2001), Managing adaptation of buildings to library use: a case study of community libraries in Kenya, Library Review Volume: 50 Issue: 5 2001

XXIV. Singh Jagtar. "Status of School Library Development in India", Sri Lanka Journal of Librarianship & Information Management, Volume 1, No.1,pp.7-10.

XXV. Singh Jagtar. "Status of School Library Development in India", Sri Lanka Journal of Librarianship & Information Management, Volume 1, No.1,pp.7-10.

XXVI. Skrzeszewski S. and Cubberly. M. (1997), "Community Based Economics Development and the Library", Library Management, Vol. 18 No. 7, PP. 323-7.

XXVII. Valeda Frances Dent, (2007), "Local economic development in Uganda and the connection to rural community libraries and literacy", New Library World, Vol. 108 No. 5/6, 2007, pp. 203-217

XXVIII. Wani Zahid Ashraf. (2008), "Development of Public Libraries in India", Library Philosophy and practice, pp.1-10.

***************************************************************************

**Trupti D Mahida**
Ph.D. Scholar
Department of Library and Information Science
Veer Narmad South Gujarat University

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat